**પેઢીનામું (પેઢીઆંબા) તૈયાર કરવા બાબત**

**ગુજરાત સરકાર**
**મહેસૂલ વિભાગ**
**પરિપત્ર ક્રમાંકઃ હકપ/૧૦૨૦૧૪/૭૫૬/જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૧૪/ ૦૫/૨૦૧૪.**

**વંચાણે લીધાઃ-**

મહેસૂલ વિભાગનો તા.૦૧/૧૨/૨૦૦૩ નો ઠરાવ ક્રમાંકઃહકપ/૧૦૨૦૦૩/૨૭૨૭/જ.

**પરિપત્ર:**

વંચાણમાં લીધેલ મહેસુલ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૩ ના સંકલિત ઠરાવ અન્વયે રેકર્ડ ઓફ રાઈટ્સ ની સુચનાંઓ બહાર પાડવામાં આવેલ છે.આ સંદર્ભે ખેતીની તથા બિનખેતીની જમીન (ખુલ્લો પ્લોટ) ની સીધી લીટીના વારસદારોની વારસાઈના કિસ્સામાં તથા સીધી લીટીના વારસોની કૌટુંબિક વહેંચણીના કિસ્સામાં પેઢીનામું(પેઢીઆંબા)ના આધારે તથા અરજદારશ્રીની અરજી અને તે અંગેના આનુષાંગિક દસ્તાવેજોને આધારે રેવન્યુ રેકર્ડમાં નોંધ પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. પરંતુ તેમાં પેઢીનામું(પેઢીઆંબા) રજુ કરવા માટેની કોઈ સુચનાઓ દર્શાવેલ નથી.

ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત વિભાગ હેઠળના તલાટી-કમ-મંત્રી તેમજ શહેરી વિસ્તારમાં સીટી/કસ્બા તલાટી દ્વારા પેઢીનામું(પેઢીઆંબા) બનાવી આપવાની કાર્યવાહી કરવામાં આવે છે. અરજદારના જવાબ મુજબ તેમજ પ્રતિષ્ઠિત સાક્ષીઓના રોજકામ આધારે તલાટીકમ-મંત્રી/ સીટી/ કસ્બા તલાટી રૂબરૂ પેઢીનામું(પેઢીઆંબા) તૈયાર કરવામાં આવે છે. હાલની અમલી પધ્ધતી મુજબ એક તલાટી-કમ-મંત્રી કાર્યક્ષેત્ર વિસ્તારના તમામ વ્યક્તિઓના કુટુંબને ઓળખતા ન હોય તે શક્ય છે. જેને કારણે પેઢીનામું(પેઢીઆંબા) મેળવવા માટે જમીનના વારસદારોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને પેઢીનામું(પેઢીઆંબા) મેળવવામાં વિલંબ પણ થાય છે. તેમજ કોઈ કિસ્સામાં અરજદાર દ્વારા પેઢીનામું(પેઢીઆંબા)માં સમાવવાપાત્ર નામ /નામો છુપાવવામાં આવે તેવી શક્યતાઓ પણ રહે છે. અને પાછળથી કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થઇ શકે છે. આ સંજોગોમાં જમીનના કબજેદારો/ખાતેદારોને પેઢીનામું(પેઢીઆંબા) મેળવવામાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે નીચે મુજબની સુચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) તલાટી-કમ-મંત્રી/ સીટી/ કસ્બા તલાટીએ અરજદાર દ્વારા ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સાક્ષીઓની રૂબરૂ લખાવ્યા અનુસાર પેઢીનામું(પેઢીઆંબા) તૈયાર કરવાનું હોય છે. તેમજ તે અંગેનું રોજકામ કરવાનું હોય છે. પરંતુ કોઈ વાર અરજદાર દ્વારા પેઢીનામા(પેઢીઆંબા)માં સમાવવા પાત્ર નામો પૈકી કાયદેસરના વારસદારોના કોઈ નામ/નામો છુપાવવામાં ન આવે અને પાછળથી કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત ન બને તે બાબત ધ્યાને રાખીને તલાટી-કમ-મંત્રી/સીટી/કસ્બા તલાટીએ પેઢીનામું(પેઢીઆંબા) તૈયાર કરતાં પહેલા અરજદાર પાસેથી વારસદારની વિગતો દર્શાવતું સક્ષમ સત્તાધિકારી સમક્ષ કરેલુ સોગંધનામું (એફીડેવીટ) મેળવવાનું રહેશે .

(૨) વારસાઈના કિસ્સામાં તથા સીધીલીટીના વારસોની કૌટુંબિક વહેંચણીના કિસ્સામાં અરજદાર ઈ-ધરા કેન્દ્રમાં ફેરફારની નોંધ દાખલ કરાવવા જાય ત્યારે પેઢીનામું(પેઢીઆંબા) તથા રોજકામ તથા અન્ય સાધનીક કાગળો/દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના હોય છે. હવેથી ઉક્ત સાધનીક

કાગળો/દસ્તાવેજી પુરાવા ઉપરાંત અરજદાર દ્વારા સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજદાર વારસદારની વિગતો દર્શાવતું સોગંધનામું પણ રજૂ કરવાનું રહેશે.

(૩) અરજદારે તાલુકા કક્ષાએ એટીવીટી જનસેવા કેન્દ્રમાં એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ / નોટરી / સક્ષમ સત્તાધિકારી સમક્ષ પરિશિષ્ટ-૧ તથા પરિશિષ્ટ-૨ માં જણાવેલ સોગંધનામાના નિયત નમૂના મુજબ લાગુ પડતું વારસદારોની વિગતો દર્શાવતું સોગંધનામું કરવાનું રહેશે.

(૪) બિન રહેવાસી ભારતીય (NRI) અરજદારના કિસ્સામાં સોગંધનામું સક્ષમ સત્તાધિકારી સમક્ષ કરવાનું રહેશે.

(૫) એટીવીટી જનસેવા કેન્દ્ર ખાતે આ કામગીરી વન-ડે ગવર્નન્સ હેઠળ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરિષ પ્રજાપતિ)
**ઉપસચિવ**
**મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર**

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા પ્રભારી સચિવશ્રીઓ.
- માન. અધ્યક્ષશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી/ સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિવાદ કચેરી, અમદાવાદ.
- વિકાસ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ (સર્વે મામલતદાર કચેરીઓને જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે તલાટી-કમ-મંત્રીશ્રીઓને જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ)
- સેકશન અધિકારી(ખ-શાખા), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

(મહેસૂલ વિભાગના તા.૧૪/ ૦૫/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃફકપ/૧૦૨૦૧૪/૭૫૬/જ અન્વયે)

# પરિશિષ્ટ-૧

# સોગંદનામું

(સીધી લીટીના વારસદારોની વારસાઈના કિસ્સા માટે) (રૂા. ૨૦ ના સ્ટેમ્પ પેપર પર)

આથી અમો સહી કરનાર..........................................................................................
ઉ.વ..........ધંધો............ રહે.......................................................તે અમારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરીએ છીએ કે,

અમો ઉપરના સરનામે રહીએ છીએ, અમારા પિતા/ માતા/ પતિ/ પત્નીનું તા. ...............................ના રોજ અવસાન થયેલ છે મર્હુમની માલિકીની / કબજા ભોગવટાની સ્થાવર મિલકત નીચે મુજબ છે

..........................................................................................................................

અમો તેઓના કાયદેસરના નીચે મુજબના વારસદારો છીએ .

| અ.નં. | નામ | ઉ.વ | સંબંધ | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

આમ અમો ઉપર મુજબના ....................................................... મરનારના કાયદેસરના વારસદારો છીએ. જેમાં પરિણિત / અપરિણિત દિકરીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેની અમો ખાત્રી આપીએ છીએ. તે સિવાય તેઓના અન્ય કોઈ વારસો નથી. તે સોગંદ ઉપર જાહેર કરીએ છીએ.

આ સોગંદનામામાં જણાવેલ હકીકત ખરી અને સાચી છે. જો કોઈપણ હકીકત ખોટી જણાય તો તે માટે હું જવાબદાર થઈશ. તે હું જાણું છું.

ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે. તે હું જાણું છું.

સ્થળ :
તારીખ : સહી............................

રૂબરૂ

.......................................
નોટરી / એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ

(મહેસૂલ વિભાગના તા.૧૪/ ૦૫/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંક:હકપ/૧૦૨૦૧૪/૭૫૬/જ અન્વયે)

## પરિશિષ્ટ-૨

# સોગંદનામું

**(સીધી લીટીના વારસોની કૌટુંબિક વહેંચણીના કિસ્સા માટે) (રૂા. ૨૦ ના સ્ટેમ્પ પેપર પર)**

આથી અમો સહી કરનાર.............................................................................................
ઉ.વ..........ધંધો............ રહે.........................................................તે અમારા ધર્મના સોગંદ ઉપર જાહેર કરીએ છીએ કે,

અમો ઉપરના સરનામે રહીએ છીએ, અમારી માલિકીની / કબજા ભોગવટાની સ્થાવર મિલકત નીચે મુજબ છે

...........................................................................................................................................

અમો અમારી હયાતીમાં ઉક્ત મિલ્કતની વહેંચણી કરવાં માગતા હોઇ અમારા સીધી લીટીના કાયદેસરના વારસદારના નામો નીચે મુજબના છે.

| અ.નં. | નામ | ઉ.વ | સંબંધ | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

જેમાં પરિણિત / અપરિણિત દિકરીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. જેની અમો ખાત્રી આપીએ છીએ. તે સિવાય અન્ય કોઈ વારસો નથી. તે સોગંદ ઉપર જાહેર કરીએ છીએ.

આ સોગંદનામામાં જણાવેલ હકીકત ખરી અને સાચી છે. જો કોઈપણ હકીકત ખોટી જણાય તો તે માટે હું જવાબદાર થઈશ. તે હું જાણું છું.

ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે. તે હું જાણું છું.

સ્થળ :

તારીખ : સહી.........................................

રૂબરૂ

.........................................

નોટરી / એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ